અપીલ અરજી નં.૩૬૫ તા.૩–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ એન બથવારની તા. ૨૮–૯–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) સૈયદપુરા કડિયાશેરી નોંધ નં. ૭/૨૮૨૮, ૨૯,૩૦ મિલકતમાં આર.સી.સી.સ્લેબ ,કોલમ સહિતનાં બાંધકામના પ્લાનની સાઈઝ અનુસારની માહિતીની નકલ તથા મંજુરીની રજાચિઠ્ઠી વિ.મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૬૫/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ એન બથવારની તા. ૨૮–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સૈયદપુરા કડિયાશેરી નોંધ નં. ૭/૨૮૨૮, ૨૯,૩૦ મિલકતમાં આર.સી.સી.સ્લેબ ,કોલમ સહિતનાં બાંધકામના પ્લાનની સાઈઝ અનુસારની માહિતીની નકલ તથા મંજુરીની રજાચિઠ્ઠી વિ.મુદ્દા નં.(૧)થી (૪)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા** તથા માંગેલ માહિતી અંગે દફતરી વિગતો નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૫૭ તા.૧૨–૧૧–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ.નં.૧૫૧૯ તા.૧૭–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન / આરટીઆઈ/આ.નં.૧૩૭૮ તા.૨૪–૧૦–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૮–૯–૧૧ ની અરજીથી સૈયદપુરા કડિયાશેરી નોંધ નં. ૭/૨૮૨૮, ૨૯,૩૦ મિલકતમાં આર.સી.સી.સ્લેબ ,કોલમ સહિતનાં બાંધકામ અંગેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ નહી મળવાથી અરજદારે તા.૩–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.નં. ૧૩૭૮ તા.૨૪–૧૦–૧૧ થી અરજદારને નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) સૈયદપુરા કડિયાશેરી નોંધ નં. ૭/૨૮૨૮, ૨૯,૩૦ મિલકતમાં આર.સી.સી.સ્લેબ ,કોલમ સહિતનાં બાંધકામના પ્લાનની સાઈઝ અનુસારની માહિતીની નકલ તથા મંજુરીની રજાચિઠ્ઠી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કતના મંજુર પ્લાનની નકલના રૂા.૬૭૯/– તથા મંજુર પ્લાનની રજાચિઠ્ઠીના રૂા.૨/– મળી કુલ ૬૮૧/– ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) રામપુરા અંધારાની ખુટની નોંધ નં.૭/૨૪૩૬–૩૭ મિલ્કતની આર.સી.સી. સ્લેબ, કોલમ સહીતના બાંધકામના પ્લાનની સાઈઝ પાના અનુસારની માહિતીની નકલ તથા મંજુરીની રજાચિઠ્ઠી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રામપુરા અંધારાની ખુટની નોંધ નં.૭/૨૪૩૭ ની મંજુર પ્લાનની નકલના રૂા.૫૯૯/– તથા મંજુર પ્લાનની રજાચિઠ્ઠીના રૂા.૨/– મળી કુલ રૂા.૬૦૧/– ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) ચંદુલાલની શેરી, સૈયદપુરાની મિલ્કત નોંધ નં.૭/૩૧૦૫ ને આર.સી.સી. સ્લેબ, કોલમ સહીતના બાંધકામના પ્લાનની સાઈઝ પાના અનુસારની માહિતીની નકલ તથા મંજુરીની રજાચિઠ્ઠીની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ચંદુલાલની શેરી, સૈયદપુરાની મિલ્કત નોંધ નં.૭/૨૩૧૦૫ મંજુર પ્લાનની નકલના રૂા.૩૯૭ તથા મંજુર પ્લાનની રજાચિઠ્ઠીના રૂા.૨/– મળી કુલ રૂા.૩૯૯/– થી ભર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) રામપુરા મેઈનરોડની મિલ્કત નં.૭/૨૩૭૪ ને આર.સી.સી. સ્લેબ, કોલમ સહીતના બાંધકામના પ્લાનની સાઈઝ પાના અનુસારની માહિતીની નકલ તથા મંજુરીની રજાચિઠ્ઠીની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડ જોતાં ઉપલબ્ધ રેકર્ડ પર આવી કોઈ માહિતી જણાતી નથી. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૯૨૩૦૨ તા.૪–૧૧–૧૧ થી રજાચિઠ્ઠીના નકલ અંગેના નાણા રૂા.૬/– ભરપાઈ કરેલ હોવાથી અરજદારને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૪૯૮ તા.૧૫–૧૧–૧૧ થી રજાચિઠ્ઠીની નકલો અરજદારને પૂરી પાડવામાં આવેલ. પરંતુ અરજદારને મંજુર પ્લાન અંગે કોઈ દસ્તાવેજ ફી ભરપાઈ કરેલ નથી. આમ અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૯–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.  તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ કરેલ પ્રસ્તાવ અનુસાર નાણા ભરપાઈ કરી મંજુર પ્લાનની નકલ મેળવવા સ્વતંત્ર છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :    –૧૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી  અધિકારી (સેન્ટ્રલઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર